ફ્રાન્સ અને સ્પેનમાં ભયાનક દાવાનળ: ૨.૭૦ લાખ લોકોનું સ્થળાંતર

સ્પેનમાં રાષ્ટ્રીય કટોકટી, દક્ષિણ ફ્રાન્સ તરફ વધી ભીષણ જ્વાળાઓ સેના તૈનાત

પેરિસ, માડ્રીડ, તા. ૨૫: દક્ષિણ-પશ્ચિમ ક્ષેત્રમાં ભીષણ દાવાનળ ફાટી નીકળતાં અને લાખો લોકોને પોતાના ઘર છોડીને ભાગવાની ફરજ પડતાં ફ્રાન્સ 'અભૂતપૂર્વ મોટા પાયે પગલાં' લેવા માટે તૈયારી કરી રહ્યું છે.

આગ સામે લડવામાં મદદ માટે ગઈકાલે લગભગ 500 ફ્રેંચ સૈન્ય કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા હતા અને હવે આજે રાત્રે વધુ 1,500 જવાનોને મોકલવામાં આવશે. દરમિયાન, સ્પેનની પશ્ચિમે લાગી રહેલી ભયાનક દાવાનળને કારણે રાજધાની ધુમાડા અને રાખથી ઘેરાઈ ગઈ છે, જેના લીધે દેશે રાષ્ટ્રીય કટોકટી જાહેર કરી છે અને વડાપ્રધાને 'આગામી મુશ્કેલ સમય' અંગે ચેતવણી આપી છે. આજે સ્પેનમાં આગના બે મોટા સ્વરૂપો એકબીજામાં ભળી જવાની સ્થિતિ સર્જાતાં અને આગ ઓલવવાની મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચે ફ્રાન્સે સેનાને બોલાવી છે, જ્યારે બંને દેશોમાં થઈને 2,70,000થી વધુ લોકોને સ્થળાંતર કરવાની ફરજ પડી છે.

શનિવારે જોરદાર પવનના કારણે જંગલની ભયાનક આગ નિયંત્રણ બહાર ગઈ હતી, જેના લીધે બ્રિટિશ પ્રવાસીઓ સહિત અન્ય પ્રવાસીઓને મધ્યરાત્રિએ હોટલ છોડીને ભાગવું પડ્યું હતું. દક્ષિણ-પશ્ચિમ ફ્રાન્સમાં બોર્ડો શહેર તરફ વધી રહેલી આગને કારણે લગભગ 1,97,000 લોકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે. સ્પેનમાં અન્ય 20,000 લોકોને ઘરમાં જ રહેવાની સલાહ આપવામાં આવી છે. મેડ્રિડ પરનું આકાશ બદામી-ગ્રે ધુમાડાના ઘુમ્મસથી ઘેરાઈ ગયું હતું અને શહેરના ઉત્તર ભાગમાં આવેલા મકાનોના ઘાબા પર કાળી રાખનું જાડું પડ પથરાઈ ગયું હતું.

પેજ 3

શાહરુખ ખાન ફેમિલી સાથે લંડનમાં રજાઓ માણતો જોવા મળ્યો

લંડન, તા. 25 ભારતમાં નીટ પેપર લીક અંગે ચાલી રહેલા સીજેપી વિરોધ પ્રદર્શનો વચ્ચે શાહરુખ ખાન તાજેતરમાં તેના પરિવાર સાથે લંડનમાં રજાઓ માણતો જોવા મળ્યો હતો. સોશિયલ મીડિયા પર અભિનેતાના તેની પત્ની ગૌરી ખાન અને બાળકો સુહાના, આર્યન અને અબરામ સાથેના ઘણા ફોટા અને વીડિયો સામે આવ્યા છે. એક વાયરલ વીડિયોમાં શાહરુખ કેઝ્યુઅલ કપડાં જેવાં કે બેગી ટ્રાઉઝર, પ્લેન ટી-શર્ટ અને હૂડી પહેરીને લંડનના રસ્તાઓ પર ચાલતો જોવા મળે છે, જ્યારે આર્યન અને અબરામ તેની પાછળ ચાલી રહ્યા છે. સીજેપી અંગેના એક સવાલ પર શાહરુખ ખાને મૌન જાળવી રાખ્યું હતું.

ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને બોલિવૂડનો આવકાર

નવી દિલ્હી, તા. 25 (PTI) શબાના આઝમી, પ્રકાશ રાજ, આલિયા ભટ્ટ, ઝોયા અખ્તર અને મનોરંજન જગતની અન્ય ઘણી હસ્તીઓએ શનિવારે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાને આવકાર્યું હતું અને તેને નીટ પેપર લીક મુદ્દે સતત વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓનો વિજય ગણાવ્યો હતો. મંત્રીના રાજીનામા પર પ્રતિક્રિયા આપતાં શબાના આઝમીએ કહ્યું હતું કે, "આપણા યુવાનો પર ખૂબ જ ગર્વ છે. હું સાચે જ અભિભૂત છું. આપણું બંધારણ એ આપણી સૌથી મોટી શક્તિ છે તે બતાવવા બદલ તમારો આભાર." આ ઉપરાંત ફિલ્મ ઉદ્યોગના પ્રકાશ રાજ, આલિયા ભટ્ટ, ઝોયા અખ્તર, પ્રિયંકા ચોપરા જોનાસ, વિજય વર્મા, કોમેડિયન-લેખક વરુણ ગ્રોવર, વીર દાસ, હુમા કુરેશી, ઈશાન ખટ્ટર, ભૂમિ પેડનેકર, સોનાક્ષી સિંહાએ પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી અને આ ભારત અને લોકશાહીની જીત ગણાવી હતી.

સલમાન ખાને રહસ્યમય પોસ્ટમાં લખ્યું: 'જો ડર ગયા સમજો મર ગયા'

મુંબઈ, તા. 25: બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને મોડી રાત્રે સોશિયલ મીડિયા પર એક રહસ્યમય પોસ્ટ શેર કરી છે. જેને થોડા જ કલાકોમાં 1.3 મિલિયનથી વધુ લાઇક્સ મળી ચૂકી છે. સલમાને ઇન્સ્ટાગ્રામ પર બે શર્ટલેસ તસવીરો શેર કરી. આ શર્ટલેસ તસવીરો જિમની છે, જેમાં સલમાન જિમ-ઇક્વિપમેન્ટ પાસે ઊભો છે અને તેના માથા પર ટુવાલ મૂકેલો છે. આ તસવીરો સાથે સલમાન ખાને લખ્યું છે, "સલમાન ખાન ડર ગયા, હમ્મ જો ડર ગયા સમજો મર ગયા." સલમાન ખાન આજકાલ જંતર-મંતર પર ચાલી રહેલા સ્ટુડન્ટ પ્રોટેસ્ટને સપોર્ટ કરીને ચર્ચામાં છે.

શબાના આઝમીને સ્વાઇન ફ્લૂ થયો

મુંબઈ, તા. 25: ચાલુ સીજેપી વિરોધ પ્રદર્શનને જાહેરમાં સમર્થન આપનાર ફિલ્મ ઇન્ડસ્ટ્રીના સૌથી પહેલા અગ્રણી ચહેરાઓમાંથી એક વરિષ્ઠ અભિનેત્રી શબાના આઝમી હતાં. તેમણે વિદ્યાર્થીઓ પ્રત્યે એકજૂથતા વ્યક્ત કરી હતી અને વ્યાપકપણે કવરેજ મેળવનાર 'ચલો સંસદ' માર્ચમાં પણ ભાગ લીધો હતો, જ્યાં તેઓ વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો સાથે સંસદ તરફ કૂચ કરતાં જોવા મળ્યાં હતાં. તેમની સહભાગિતાના વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયા હતા, જેમાં ઘણા લોકોએ આ પ્રદર્શનમાં તેમની હાજરીની પ્રશંસા કરી હતી. જોકે, હવે તેમના પ્રશંસકો માટે ચિંતાજનક સમાચાર છે. શબાનાને સ્વાઇન ફ્લૂ હોવાનું નિદાન થયું છે અને સખત તાવ આવ્યા બાદ તેમને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપવામાં આવી છે.

૬ દિવસ બાદ અમરનાથ યાત્રા ફરી શરૂ

જમ્મુ/શ્રીનગર, તા. 25 (PTI): ખરાબ હવામાનના કારણે છ દિવસ સુધી સ્થગિત રહ્યા બાદ શનિવારે અમરનાથ યાત્રા ફરી શરૂ થઈ છે. પહલગામ અને બાલતાલ બંને માર્ગો પર યાત્રા પુનઃ શરૂ કરવામાં આવી છે અને 6,000થી વધુ શ્રદ્ધાળુઓ જમ્મુથી કાશ્મીર માટે રવાના થયા છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. 3,880 મીટર ઊંચા પવિત્ર ગુફા મંદિર તરફ જતા અનંતનાગ જિલ્લાના 48 કિમી લાંબા પહલગામ માર્ગ અને ગંદરબલ જિલ્લાના 14 કિમી લાંબા બાલતાલ માર્ગ બંને પર સતત વરસાદ અને ખરાબ હવામાન પરિસ્થિતિઓને કારણે સાવચેતીના ભાગરૂપે 19 જુલાઈના રોજ યાત્રા સ્થગિત કરવામાં આવી હતી.

નવી પેઢીને આદેશો નહીં આપો, સંવાદ કરોઃ ભાગવત

આરએસએસના વડાએ કહ્યું કે યુવાનોને યોગ્ય માર્ગદર્શનની જરૂર છે, મૂલ્યો લાદવાને બદલે તેના માટે માતા-પિતાએ ખુદ ઉદાહરણ પુરું પાડવું જોઇએ

સીજેપીના આંદોલન વચ્ચે સંઘ વડા પ્રથમ વખત બોલ્યા

નવી દિલ્હી, તા. ૨૫: આરએસએસ વડા મોહન ભાગવતે ભારપૂર્વક જણાવ્યું હતું કે આજની યુવા પેઢી ગેરમાર્ગે દોરાયેલી કે દિશાહીન નથી. તેમણે યુવાનોને સમજવા માટે તેમના પર નિયમો લાદવા અથવા હુકમ ચલાવવાને બદલે અર્થપૂર્ણ ચર્ચા કરવાની હાકલ કરી હતી. આરએસએસ વડાની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે પરીક્ષાના પેપર લીક થવા સામે યુવાનો ઉગ્ર આંદોલન ચલાવી રહ્યા છે.

'વિશ્વ માંગલ્ય સભા'ના એક કાર્યક્રમમાં બોલતા ભાગવતે પેઢીઓ વચ્ચે વધી રહેલા અંતર પર પ્રકાશ પાડતા કહ્યું કે આજના યુવાનોને યોગ્ય માર્ગદર્શનની જરૂર છે. તેમણે કહ્યું, જ્યારે અમે નાના હતા, ત્યારે આજ્ઞાપાલનનો યુગ હતો. હવે એવું નથી રહ્યું. આરએસએસ પ્રમુખે જણાવ્યું કે આજની નવી પેઢી પ્રશ્નો પૂછવા તરફ વધુ ઝુકાવ ધરાવે છે, તેથી માતા-પિતા અને વડીલો માટે તેમની સાથે સંવાદ સાધવો અત્યંત જરૂરી બની જાય છે. આ સાથે જ તેમણે પરિવારમાં ઓછી થતી વાતો અને ચર્ચાઓ અંગે ચિંતા પણ વ્યક્ત કરી હતી. ભાગવતે કહ્યું, નવી પેઢી પ્રશ્નો પૂછે છે. આપણે તેમને તેનું કારણ સમજાવવું પડશે. તેમણે આગળ ભારપૂર્વક જણાવ્યું કે યુવાનોનો વિશ્વાસ જીતવા માટે આદેશો નહીં, પરંતુ ચર્ચા-વિચારણાની જરૂર છે. હુકમ નહીં, પરંતુ ચર્ચા. આદેશ નહીં, પણ સર્વસંમતિ એમ ભાગવતે કહ્યું.

H-1B વિઝા ત્રણ વર્ષ માટે સ્થગિત કરવા અમેરિકાની સંસદમાં ખરડો રજૂ થયો

એક રિપબ્લિકન સેનેટરે રજૂ કરેલો ખરડો ત્રણ વર્ષ માટે H-1B વિઝા બિલકુલ બંધ કરી દેવાની જોગવાઇ ધરાવે છે

આ વિઝા ફરી શરૂ થાય ત્યારે પણ કડક નિયમો સાથે શરૂ કરવાની જોગવાઇ

વૉશિંગ્ટન, તા. ૨૫(પીટીઆઇ): એક અમેરિકી સેનેટરે સેનેટમાં એક બિલ રજૂ કર્યું છે જે ત્રણ વર્ષ માટે નવા H-1B વિઝાના ઇશ્યુઅન્સ પર રોક લગાવવા અને ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલી ૧૦૦,૦૦૦ ડોલરની ફીને કાયદાકીય માન્યતા આપવા માંગે છે, જેને ફેડરલ કોર્ટે રદ કરી હતી.

મોન્ટાનાના રિપબ્લિકન સેનેટર ટિમ શીહીએ જણાવ્યું હતું કે અમેરિકાએ એવા વિઝા ન આપવા જોઈએ જે અમેરિકન કામદારોના અધિકારોને નબળા પાડવાનું સરળ બનાવે છે. H-1B વિઝા એ એક નોન-ઇમિગ્રન્ટ વિઝા છે જે અમેરિકી કંપનીઓને એવા વિશેષ વ્યવસાયોમાં અત્યંત કુશળ વિદેશી કામદારોને રોજગારી આપવાની મંજૂરી આપે છે જેમાં સૈદ્ધાંતિક અથવા ટેકનિકલ કુશળતાની જરૂર હોય છે. અમેરિકન ટેક્નોલોજી કંપનીઓ ભારત અને ચીન જેવા દેશોમાંથી દર વર્ષે હજારો કર્મચારીઓની ભરતી કરવા માટે આ વિઝા પર નિર્ભર રહે છે. શીહીએ ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, H-1B પ્રોગ્રામની રચના વિશિષ્ટ, ભરવા માટે મુશ્કેલ હોય તેવી જગ્યાઓની કામદારોની તંગીને દૂર કરવા માટે કરવામાં આવી હતી – સસ્તા વિદેશી શ્રમ સાથે લાયક, સખત મહેનત કરતા અમેરિકનોને વિસ્થાપિત કરવા માટે નહીં. આ બિલ ત્રણ વર્ષ માટે નવા H-1B વિઝા અટકાવવા અને ત્યારબાદ ઘણા કડક નિયમો અને ઊંચા ધોરણો હેઠળ પ્રોગ્રામને ફરી શરૂ કરવા માંગે છે.

સીજેપીના સ્થાપક અભિજિત દીપકેને ટાઈફોઈડ થયો

નવી દિલ્હી, તા. 25 (PTI): કૉકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના સ્થાપક અભિજિત દીપકે શનિવારે જણાવ્યું હતું કે, તેમને ટાઈફોઈડ હોવાનું નિદાન થયું છે. સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક વીડિયો સંદેશમાં દીપકેએ જણાવ્યું હતું કે, તેઓ છેલ્લા કેટલાક દિવસોથી બીમાર હતા અને હાલમાં તેમની સારવાર ચાલી રહી છે. મને દરરોજ બોટલ ચઢાવવામાં આવી રહી છે. પરંતુ હું દેશભરમાં શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા તમામ કૉકરોચનો આભાર માનવા માંગુ છું."

યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ થયું સારનાથ

વારાણસીઃ તા. 25: ઉત્તર પ્રદેશના ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્ત્વ ધરાવતા સારનાથના પ્રાચીન બૌદ્ધ સ્થળને યુનેસ્કોની વિશ્વ ધરોહર (વર્લ્ડ હેરિટેજ) યાદીમાં સામેલ કરી લેવામાં આવ્યું છે. આ સિદ્ધિ પર ઉપરાષ્ટ્રપતિ રાધાકૃષ્ણન, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સીએમ યોગી આદિત્યનાથે સમગ્ર દેશ માટે ગર્વની ક્ષણ ગણાવી છે. યુનેસ્કોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર પોસ્ટ કરીને જાહેરાત કરી હતી કે, ભારતના પ્રાચીન બૌદ્ધ સ્થળ સારનાથને સત્તાવાર રીતે વિશ્વ ધરોહર યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, સારનાથનું યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ થવું પ્રત્યેક ભારતીય માટે અત્યંત ગર્વની ક્ષણ છે.

જ્યારે જનઆક્રોશ સામે મોદી સરકારે નમતું જોખવું પડ્યું

છેલ્લા બાર વર્ષમાં ત્રણ કૃષિ કાયદાઓ પાછા ખેંચવા સહિત અનેક બનાવો એવા છે કે જેમાં સરકારે જનતાના કે રાજકીય દબાણ સામે ઝુકીને પીછેહટ કરવી પડી હોય

આ પહેલા ૨૦૧૮માં મી ટુ ચળવળ દરમ્યાન મહિલાઓના રોષનો સામનો કરતા એમ. જે. અકબરે મોદી સરકારમાંથી રાજીનામુ આપવું પડ્યું હતું

નવી દિલ્હી, તા. 25(PTI): NEET પેપર લીક વિવાદ બાદ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું એ ૨૦૧૪ પછી પહેલી ઘટના નથી જ્યાં મોદી સરકારને જાહેર કે રાજકીય દબાણ સામે ઝૂકવું પડ્યું હોય. છેલ્લા એક દાયકામાં સરકાર દ્વારા લેવાયેલા મુખ્ય નિર્ણય પાછા ખેંચવાની આ પમી મોટી પીછેહઠ છે.

૧. ૨૦૧૫: જમીન સંપાદન સુધારા બિલ રદ

શું હતું?: ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ માટે જમીન સરળતાથી મેળવવા સરકારે કાયદામાં સુધારો કરવાની કોશિશ કરી.

કેમ પાછો ખેંચાયો?: ખેડૂતો, વિપક્ષ અને ખુદ NDAના સહયોગી પક્ષોએ તેને 'ખેડૂત વિરોધી' ગણાવી ભારે વિરોધ કર્યો. અંતે સરકારે આ પ્રસ્તાવ રદ કર્યો.

૨. ૨૦૧૮: 'મી ટૂ' ચળવળમાં એમ. જે. અકબરનું રાજીનામું

શું હતું?: વિદેશ રાજ્ય મંત્રી એમ. જે. અકબર પર પત્રકારત્વના દિવસો દરમિયાન જાતીય સતામણીના આક્ષેપો લાગ્યા.

પરિણામ: સતત વધતા દબાણને કારણે તેમણે મંત્રીપદેથી રાજીનામું આપવું પડ્યું. (૨૦૧૪ પછી મોદી સરકારમાં રાજીનામું આપનારા તેઓ પ્રથમ મંત્રી હતા).

૩. ૨૦૨૧: ત્રણ વિવાદિત કૃષિ કાયદા રદ

શું હતું?: દિલ્હી સરહદ પર હજારો ખેડૂતોએ ૧ વર્ષ સુધી ઐતિહાસિક આંદોલન ચલાવ્યું.

પરિણામ: નવેમ્બર ૨૦૨૧માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જાતે આ કાયદાઓ પાછા ખેંચવાની જાહેરાત કરી અને સંસદમાં રદ કરવાનું વિધેયક પસાર થયું.

૪. ૨૦૨૪: UPSC લેટરલ એન્ટ્રીની જાહેરાત રદ

શું હતું?: સિવિલ સેવાઓમાં સીધી (લેટરલ) ભરતી માટેની જાહેરાતમાં અનામત (Reservation) ની જોગવાઈ નહોતી.

કેમ પાછી ખેંચાઈ?: વિપક્ષ તેમજ NDAના સહયોગી પક્ષ લોક જનશક્તિ પાર્ટી (LJP-R) એ ભારે વાંધો ઉઠાવતા સરકારે આ નિર્ણય રદ કરવો પડ્યો.

૫. ૨૦૨૫: ૧૩૧મો બંધારણીય સુધારો બિલ અટકાવાયો

શું હતું?: પંજાબ અને અન્ય રાજ્યોના પક્ષોએ આક્ષેપ કર્યો કે આ બિલથી રાજ્યનું રાજકીય પ્રતિનિધિત્વ ઘટી જશે.

પરિણામ: તીવ્ર રાજકીય વિરોધના કારણે નવેમ્બર ૨૦૨૫માં સરકારે આ બિલ સંસદમાં રજૂ ન કરવાનો નિર્ણય લીધો.

જાહેર ચેતવણી

આથી હું નિચે સહી કરનાર તુલસીભાઇ કુરજીભાઇ કાકડીયા, ઇંદોઃ- નિવૃત્ત, રહે.: ગામઃ-ભેગાળી, તા.તળાજા, જી.ભાવનગર, હાલ સુરતના આથી જાહેર નોટીસ તથા ચેતવણીથી જાહેર કરીએ છીએ કે....

મારો મોટો પુત્ર **નિલેષભાઇ તુલસીભાઇ કાકડીયા** છેલ્લા ઘણા વર્ષોથી અમો સાથે સામાજીક કે વ્યવહારીક સંબંધો રાખતો નથી. તે હાલ મુળ વતન ભેગાળી ગામે ખેતી કરે છે તેમ છતા તેની સાથે અમોની જાણ બહાર કે કોઇ પણ પ્રકારની સંમતી વિના કરેલ આર્થીક વ્યવહારો સંબંધે રમેશભાઇ મુળજીભાઇ ડાખરા રહે મુળ ગામ બેલા હાલ રહે સુરતનાઓ અમોને પોલીસ ફરીયાદની ધમકીઓ અપી જાતે તથા સાથે સંકળાયેલ ઇસમો અને ત્રાહિત ગુંડા જેવા લોકો મારફતે પણ હેરાન પરેશાન કરે છે. અને મને તથા મારા પરીવારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપે છે. જેથી આ નિલેષભાઇએ કરેલ વ્યવહારો અંગે મારી કે મારા પુત્ર રજનીભાઇ કે અન્ય કોઇ કુંટુંબના સભ્યો કે સગા-સંબંધીઓ ખોટી રીતે હેરાન પરેશાન કરવા નહી. અન્યથા જવાબદારો સામે કાયદેસરની ફોજદારી કાર્યવાહી કરવાની ફરજ પડશે. જેથી, હવે પછી નિલેષભાઇ સાથે કોઇએ કોઇપણ જાતનો વ્યવહાર કરવો-કરાવવો નહી. અને કહેવાતા વ્યવહારો અંગે અમોને ખોટી રીતે હેરાન કરવા નહી અન્યથા તેની જવાબદારી મોની રહેશે નહી અને વ્યવહાર કરનાર વ્યક્તિની અંગત જવાબદારી રહેશે. આમ, અમોને કે અમોનાં પરીવારને કોઇએ કોઇપણ જાતના દિવાની કે ફોજદારી પ્રકરણોમાં ખોટી-રીતે સંડોવવા નહી. જેની લાગતા-વળગતા તમામે ગંભીર નોંધ લેવી.

મારી સુચનાથી :
તુલસીભાઇ કુરજીભાઇ કાકડીયા
રહે. : ગામઃ-ભેગાળી, તા.તળાજા, જી.ભાવનગર. હાલ સુરતના

મારી મારફતે : **મનોજભાઈ એમ. બેલડિયા**
તે તુલસીભાઈ કુરજીભાઈ કાકડીયાના એડવોકેટ
ઓફીસ : એફ.ટી.૫, ક્રિષ્ના કોમ્પલેક્ષ, હિરાબાગ, સુરત. મો. ૭૮૦૨૯ ૫૯૫૧૩

-: જાહેર નોટીસ :-

સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તથા તાલુકો ચોરાસીનાં, મોજે ગામ **સણીયા કછદે**નાં ખાતા નં. ૧૮૮, રે.સર્વે નં. ૧૮૩/૧, **બ્લોક નં. ૧૯૪** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન કે જેનું ૩/૧૨ રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે.૧-૧૫-૩૪ ચો.મી. જેનો આકાર રૂા.૧૪.૭૫ પૈસા વાળી ખેતીની જમીનના મુળ ખેડુતો/માલિકો/કબજેદારો તરીકે **(૧) દક્ષાબેન સતીષચંદ્ર સોલંકીની પુત્રી તે પ્રદ્યુમન સિંહ ગોહિલની પત્ની, (૨) મહેન્દ્રકુમાર સતીષચંદ્ર સોલંકી** ચાલી આવેલ. મજકુર જમીન તેમના પ્રત્યક્ષ માલિકી કબજા, સ્વતંત્ર વહીવટ, વ્યવસ્થા હેઠળની હોવાનું તેમજ નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, અવલ/જપ્તી, લેણું–બોજા, સોદા, સાટાખત, કરાર, પાવર ઓફ એટર્ની, દસ્તાવેજ વિગેરે હોય તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન–૭, માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી અમોને કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હકક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી, અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિકો સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી, જરૂરી કાયદેસરના દસ્તાવેજો/લખાણો કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

ક૦૨, છઠ્ઠો માળ, આર્મીડા, મીની બજાર, વરાછા રોડ, સુરત. મો. નં. ૯૮૭૯૫ ૦૦૮૫૬.

સુમીત કે. માંગુકીયા
એડવોકેટ

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, ગુજરાત રાજ્યના રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીક્ટ નવસારીના સબ ડીસ્ટ્રીક્ટ તાલુકે જલાલપોરના **મોજે પરસોલીના** રેવન્યુ દફતરે નોંધાયેલ **બ્લોક/સર્વે નંબર-૨૯૫ (જુનો બ્લોક/સર્વે નંબર-૨૮૫)** વાળી સુમારે **૧૨૩૮૫.૦૦ ચો.મી. (જે સીટી સર્વે દફતરે સીટી સર્વે ટીકા નંબરઃ- NA99** ના સીટી સર્વે નંબર :- NA295 સુમારે ૧૨૩૮૫.૦૦ ચો.મી.) થી નોંધાયેલ બીનખેતીની ખુલ્લી જમીન **૧. નગીનભાઈ ગોપાળભાઈ પટેલ, ૨. નયનાબેન ગોપાળભાઈ પટેલની પુત્રી તે ડાહ્યાભાઈ પટેલની પત્ની, ૩. રમેશભાઈ ગોપાળભાઈ પટેલ તથા ૪. પ્રદિપભાઈ ગોપાળભાઈ પટેલ**ના સંયુકત નામે તેમજ માલિકી હકકે કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે જેઓએ હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે સદર જમીનમાં કોઈપણ વ્યકિત, વારસદાર, ભાડુઆત, સંસ્થા કે ઇસમોનો બોજો, લીયન, બેંક લોન, કબજો-ભોગવટો, હકક-હિત-હિસ્સો-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, કોઈપણ કોર્ટ કચેરીના કેસો, તર-તકરાર, હિત-સંબંધ, ઇઝમેન્ટ કે તે મતલબનાં કુલમુખત્યારનામા, સાટાખત, બાનાખત, સંમતીપત્રક, કબુલાત, સોદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરોખત, ભાડાખત વિગેરે પ્રકારના લખાણો હોય કે લેણુ કે કોઈ હકકો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૭ માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદત વિત્યે સદરહું મિલકતમાં કોઇપણ વ્યકિત, વારસદાર, ભાડુઆત સંસ્થા કે ઇસમોનો બોજો, લીયન, બેંક લોન, કબજો-ભોગવટો, હકક-હિત-હિસ્સો-અધિકાર કે વિગેરે પ્રકારનાં કોઇ લખાણો કે લેણું નથી અને જો હોય તો તે આથી જતો કરેલો છે એટલે કે ''વેઇવ'' કર્યા છે તેમ માની સદર બિનખેતી જમીનના માલિક સંયુકત રીતે કાયદેસરનો અવેજ સ્વીકારી હમારા અસીલને પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરી આપશે. અને તે અંગે ભવિષ્યમાં કોઇ વ્યકિત કે સંસ્થાના કોઇપણ પ્રકારના વાંધા-હરકત કે તર-તકરાર ચાલશે નહિ અને તેવી વ્યકિતઓને કોઇપણ જાતના હકક પ્રાપ્ત થશે નહી તેમજ હમારા અસીલને બંધનકર્તા રહેશે નહિ. સદર નોટીસ હમારા અસીલની ફરમાઇશ અને સુચનથી કરેલ છે જેની સ્પષ્ટ કાયદેસરની જાહેર જનતાએ નોંધ લેવા વિનંતી. **તારીખ : ૨૫/૦૭/૨૦૨૬**

અસીલ મજકુરની સુચના અને ફરમાઈશ અન્વયે મારી મારફત. **રવિન્દ્ર પી. મઠિયા (એડવોકેટ)**
૧૦૨ પહેલા માળે, અરવિંદ ટાવર બિલ્ડીંગ, પ્રજાપતિ આશ્રમની બાજુમાં, ચીમનાબાઈ રોડ, નવસારી તા. જી. નવસારી. મોઃ ૯૯૦૯૬ ૪૮૩૭૩

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતા તમામને હાલની આ વેચાણ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે, જીલ્લે નવસારી તાલુકે જલાલપોરના મોજે ભીનાર ગામના **બ્લોક/સર્વે નંબર-૫૧૨ (જુનો બ્લોક/સર્વે નંબર-૫૫૩)** ક્ષેત્રફળ ૦-૫૫-૯૦ હે.આરે.ચો.મી. આકાર રૂા.૩.૮૫ પૈસા વાળી ખેડખાતાની ખેતીની પૂર્વ શરતની જમીન **૧. લક્ષ્મીબેન રવજીભાઇ પટેલ તે ધીરૂભાઈ પટેલની પત્ની, ૨. ચંપાબેન રવજીભાઈ પટેલ તે જેરામભાઇ પટેલની પત્ની, ૩. ઈન્દીરાબેન રવજીભાઈ પટેલ, ૪. દક્ષાબેન રવજીભાઈ પટેલ, ૫. શાંતિબેન તે બાલુભાઈ રવજીભાઈ પટેલની વિધવા, ૬. રૂક્ષ્મણીબેન બાલુભાઇ પટેલ તથા ૭. કલ્પનાબેન બાલુભાઇ પટેલ તે હસમુખભાઇ પટેલની પત્ની**ના સંયુકત નામે તેમજ માલિકી હકકે કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ છે જેઓએ મારા અસીલ ગૌરવકુમાર પ્રવિણભાઈ પાદડારને વેચાણ આપવાનું નકકી કરેલ છે સદર ખેડખાતાની ખેતીની જમીનમાં કોઇપણ વ્યકિત, વારસદાર, ભાડુઆત, સંસ્થા કે ઇસમોનો બોજો, લીયન, બેંક લોન, કબજો-ભોગવટો, હકક-હિત-હિસ્સો-અધિકાર, લાગ-ભાગ, દર-દાવો, કોઇપણ કોર્ટ કચેરીના કેસો, તર-તકરાર, હિત-સંબંધ, ઇઝમેન્ટ કે તે મતલબનાં કુલમુખત્યારનામા, સાટાખત, બાનાખત, સંમતીપત્રક, કબુલાત, સૌદાચિઠ્ઠી, બાંહેધરી, ગીરોખત, ભાડાખત વિગેરે પ્રકારના લખાણો હોય કે લેણુ કે કોઈ હકકો હોય તો તે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી નીચેના સરનામે રૂબરૂ આવી દિન-૧૫ માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં જાણ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિ